# ૧૨.૬ સંગીત શાસ્ત્ર અને જૈન શાસ્ત્ર

જૈનધર્મીઓની જ્ઞાનોપાસના અનેકમાર્ગી રહી છે. સંગીતવિષયક ઉપલબ્ધ જ્ઞાન પ્રાકૃતાદિ ભાષા દ્વારા લોકસન્મુખ લઈ જવાનો અને સાથોસાથ ક્યાંય સ્વતંત્ર ચિંતનમનન દ્વારા નવીન સૂઝ બતાવ્યાનો શ્રમ જૈનોએ જરૂર લીધો છે.

જૈન સાહિત્યમાં જૂનમાં જૂના આગમો ગણાય, મુખ્ય આગમો ઈ.સં. પૂ. ૫૫૭માં રચાયા છે. શ્રી મહાવીરસ્વામીનું નિર્વાણ ઈ.સં. પૂ. ૫૨૭માં થયું તે પહેલાં મૌલિક આગમોની રચના થયાની માન્યતા છે. તે પછી લગભગ નવસો વર્ષે ઈ.સ. ૪૫૩ કે ઈ.સ. ૪૫૩ કે ઈ.સ. ૪૬૬માં જે આગમો પુસ્તકારૂઢ થયા તેમાં ઠાણ (સ્થાન), અણુઓગદાર (અનુયોગદાર), રાયપસોણીય (રાજપ્રશ્નીય) અને ઉત્તરજઝયણ (ઉત્તરાધ્યયન) એ આગમો આપણા વિષયને માટે મહત્ત્વ ધરાવે છે. ઈ.સ.ની ૫મી સદીમાં રચાયેલા ઠાણ અને અણુઓગદાર આગમોમાં સંગીતવિષયક જે ૧૯ બાબતોનું વર્ણન છે તેનો ઉલ્લેખ આ પુસ્તકમાં વિદ્વાન લેખકે કર્યો છે. આમાં સ્વર, તેનાં સ્થાન, સ્વરની ઉત્પત્તિ, ફળ, ત્રણ ગ્રામ, તેની સાત સાત મૂર્ચ્છનાઓ, ગીતયોનિ, ગીતના ગુણો તથા દોષો, ૪૯ તાન ઈત્યાદિનો સમાવેશ થયો છે. આ ભરતકૃત નાટ્યશાસ્ત્રના સંગીતવિષયક અધ્યાયો સાથે અરખાવવા જેવો છે. મૂર્ચ્છનાનાં નામો માં ઠાણ તથા ભરત નાટ્યશાસ્ત્રમાં ભેદ છે, જે ધ્યાનમાં લેવા જેવો છે. મૂર્ચ્છનાઓ સાથે રાગની ઉત્ક્રાન્તિનો ઈતિહાસ સંકળાયેલો છે.

આ ઉપરથી એમ લાગે છે કે નાટયવિધિ ભક્તિયોગનું જ એક શ્રેષ્ઠ અંગ માત્ર છે એમ નહીં પણ તે સર્વોત્તમ પ્રકારનું અંગ છે. જો એમ ન હોત તો ખુદ ઈન્દ્ર જેવા ઈન્દ્રો નાટકો ભજવે ખરા! હરગીજ નહિં.

**ભક્તિમાં નાટક – નૃત્યની પ્રધાનતા** – ભક્તિ એ મન, વચન અને કાયા એ ત્રિકરણ યોગથી કરવાની કહી છે. એમાં કામયોગથી જેવી ભક્તિ નાટ્ય-નૃત્ય વિધિમાં થઈ શકે છે. તેવી બીજા કોઈ પ્રકારમાં શક્ય નથી. વિનમ્રાતિનમ્ર કોટિની ભક્તિભાવના અનુપમ અને અજોડ આદર્શનું શરીરના અંગમંગના વખતે (મનોયોગ સહિતની કામયોગની ભક્તિનું) પ્રત્યેક અણુમાં જે દર્શન થાય છે તે અન્ય પ્રસંગે થતુ નથી. સંગીત સાથેના આ નાટ્ય-નૃત્ય વિધિમાં ભક્તિયોગના પરમાલંબન દ્વારા હૃદય સમર્પણનો જ નહીં પણ સર્વસ્વ સમર્પણનો જે પરા કોટિનો ભાવ આવિર્ભાવ થાય છે અને જેના ફલસ્વરૂપે ભક્તિ-ભાવનાની જે પરાકાષ્ઠા નિર્માણ થાય છે તે અન્ય યોગમાં જવલ્લે જ જોવા મળે કે ન પણ મળે.

કહેવાય છે કે સંગીતકારોનો ભગવાન તેના કંઠમાં હોય છે. દાર્શનિકોના ભગવાન તેના મસ્તિષ્કમાં, પંડિતોનો ભગવાન તેની બુદ્ધિ-પંડિતાઇમાં અને કવિઓનો ભગવાન તેના હૃદયમાં હોય છે પણ નૃત્યકલા કરનારનો ભગવાન તેના અંગે અંગમાં હોય છે.

આ વાતની પૂર્ણ પ્રતીતિ માટે દસ શિર ધરાવનારા તરીકે ઓળખાતા રાવણનું ઉદાત્ત અને ભવ્ય ઉદાહરણ સુવિખ્યાત છે. રાવણે 'અષ્ટાપદ' પર્વત ઉપર જિનપ્રતિમા સમક્ષ પોતાની પત્ની રાણી મંદોદરી સાથે વીણાવાદન કરવા પૂર્વક એકતાન બનીને એવું નાટક-નૃત્ય કર્યું કે જેના પરિણામે એણે 'તીર્થંકર' નામકર્મ જેવું પુણ્ય-પ્રકૃતિઓમાં સર્વોત્તમ કોટિની ગણાતી પુણ્યપ્રકૃતિ મહાપુણ્ય કર્મ બાંધી લીધું જે નાટક-નૃત્ય પરમાત્મા બનવાનું ફળ આપે, એ કલાની અદ્ભૂત, અવર્ણનીય અને અજોડ શક્તિ માટે વધુ કહેવાની જરૂર પડી?

### બૃહત્ પૂજાઓમાં પણ નાટકને સ્થાન

આ જાતનું નાટક-નૃત્ય ભક્તિનો એક ઉત્તમ પ્રકાર હોવાથી 'આ પ્રકારનું સુવન વારંવાર થવું જ જોઈએ' એવું સમજનારા દેશકાલજ્ઞ જ્ઞાનીઓએ એ પ્રકારને જિનમંદિરમાં જિનપ્રતિમા સમક્ષ ભણાવાતી પૂજાના પ્રકારમાં પણ સ્થાન આપ્યું છે. પૂજાઓના અનેક પ્રકારો છે. એમાં સર્વોપ્ચારી, એકવીશપ્રકારી અને સત્તરભેદી આ નામની જે મોટી પૂજાઓ છે એ ત્રણેયમાં એક પૂજા તો નાટકની જ રચીને એનું શીર્ષક 'નાટકપૂજા' એવું રાખવું છે. નાટક એ નૃત્યના પાંચ પ્રકારો પૈકીનો એક પ્રકાર હોવાથી નાટક નૃત્ય વડે અને નૃત્ય નાટક વડે યુક્ત હોઈ શકે છે.

આ પૂજામાં સૂર્યાભના અનુકરણરૂપે સુંદર ૧૦૮ કુમારોએ અને સ્વરૂપવંતી ૧૦૮ કુમારિકાઓએ આ પૂજા ભણાવાય ત્યારે સંગીતના વિવિધ સાજ સાથે ભાવવાહી નૃત્ય કરવાનું જણાવ્યું છે. પૂજામાં સાધુ-સાધ્વીજીઓ પણ હોય છે. આ નૃત્ય જાહેરમાં કરાય છે અને વળી જિનમંદિરમાં ભગવાનની પ્રતિમા સમક્ષ તેમ છતાં તે કરવા માટે શાસ્ત્રકારો અને પૂર્વાચાર્યોએ આદેશ આપ્યો છે. 'નાટક' શબ્દ જ સાંભળીને ભડકનારી, અવિચારી અને ઉતાવળા સ્વભાવવાળી વ્યક્તિઓ માટે આ એક સૂચક બાબત છે. આજે પણ પૂજા ભાવનામાં ઘણા ભાઈઓ તથા છોકરાઓની મંડળીઓ પગે ઘૂઘરાઓ બાંધીને અને નૃત્યોચિત્ત વેષભૂષા સજીને વિવિધ પ્રકારે નૃત્ય કરે જ છે.

જ્યારે સાક્ષાત્ ભગવાન મહાવીર વિદ્યમાન હતા ત્યારે તેઓશ્રીની સમક્ષ ભક્તિ-નાટક નૃત્યો ભજવી બતાવ્યાના છૂટા છૂટા ઉલ્લેખો શ્વેતામ્બર અને દિગમ્બર બંને સંપ્રદાયના આગમ તથા ચરિત્રગ્રન્થોમાં મળે છે. શ્વેતામ્બર આગમ 'રાયપસેણી'માં સૂર્યાભ દેવે બત્રીસ પ્રકારનાં નાટકો કરી બતાવ્યાનો સ્પષ્ટ પાઠ છે. દિગમ્બરાચાર્ય જિનસેનકૃત આદિપુરાણમાં ઈન્દ્ર પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના જીવનની વિશિષ્ટ ઘટનાઓ કલ્યાણકો કે પૂર્વ ભવોને દર્શાવતું નૃત્ય કર્યાની નોંધ લીધી છે. વળી આ પુરાણમાં એવું પણ જણાવ્યું છે કે ઋષભદેવે નાટ્યશાસ્ત્રનું જ્ઞાન પોતાના પુત્ર ભરતને અને ગન્ધર્વશાસ્ત્રનું ગીત-વાદ્યરૂપ બાબતનું જ્ઞાન બીજા પુત્ર વૃષભસેનને આપ્યું હતું. શ્વેતામ્બર શાસ્ત્રો પણ યુગની આદિમાં તીર્થંકર જેવા તીર્થંકરદેવે પ્રજાને સંસારનાં સર્વ શિલ્પો-વિદ્યા-કલાઓ શીખવી હતી. એમાં નૃત્યકલા-નાટકકલાનું જ્ઞાન પણ શિખવાડ્યું હતું.

***અંતિમ નાટકમાં મહત્ત્વનો વિષય*** એ યાદ રાખવું ઘટે કે બત્રીસબદ્ધ નાટકમાં અંતિમ બત્રીસમું નાટક કાયમ માટે તે તે તીર્થંકરનાં પાંચેય કલ્યાણકો સહિત પૂર્વ ભવની અંતિમ ભવની વિશિષ્ટ ઘટનાઓને દર્શાવનારું જ હોય છે. આ હકીકત એ જ મહત્ત્વની બાબત સમજાવી જાય છે. તે એ કે ખુદ ઈન્દ્ર કે દેવ જે અવિરત અર્થાત્ અત્યાગી-ચોથા ગુણસ્થાનકે રહેલ હોવા છતાં તે ભગવાન મહાવીરનું રૂપ લઈને - મહાવીરની વિવિધ અવસ્થાઓને ધારણ કરીને તેમનું જીવનચરિત્ર પ્રેક્ષકોને બતાવે છે. બારે પર્ષદાના પ્રસંગે પણ તે જ વિકુર્વે છે. દૈવિક શક્તિથી વિવિધરૂપો વિવિધ વેશભૂષાઓને ધારણ કરે છે. એમાં સાધુ-સાધ્વીજીનો પણ પાઠ લેવાનું આવી જાય છે. અવિરત ગણાતા ઈન્દ્ર કે દેવને આવા પાઠો ભજવાતાં તીર્થંકરો ઈન્કાર કરતા નથી. આ નાટક વખતે ખુદ સાધુ-સાધ્વીજીઓ પણ હાજર હોય છે છતાં પણ તે ભજવાયા છે. સમવસરણ એ જાહેર અખ્યાન-વ્યાખ્યાનનું સ્થાન છે. પ્રજાના તમામ વર્ગને ત્યાં આવવાની છૂટ હોય છે. ચતુર્વિધ સંઘ, અજૈનો અને દેવદેવીઓ વચ્ચે આ નાટકો ભજવાયાં છે. આથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ખુદ તીર્થંકરોએ અનેકવાર ભક્તીનાટક - નૃત્યો કરવા દઈને બોધક, ધર્મપોષક અને ઉત્તમ કક્ષાના નાટકોનું જૈન ધર્મમાં અચૂક અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે એ છાપ મારી આપી છે.

**નાટકોનું સર્જન –** કાલાંતરે જૈન મુનિઓએ દશ્ય અને શ્રાવ્ય નાટકો પણ રચ્યાં છે. તેમાંનાં કોઈ કોઈ ભજવાયાં પણ છે. વળી પ્રાચીન કાળમાં લોકોને ધાર્મિક બોધ મળે, શિક્ષણ મળે, ધર્મભાવનાને વેગ મળે, ઉત્સાહમાં વૃદ્ધિ થાય અને અંતઃકરણને જગાડી જાય એ માટે જૈન કથાઓ, ચિત્રો દ્વારા કે નાટકો દ્વારા રજૂ થયાના છૂટાછવાયા ઉલ્લેખો ઈતિહાસમાં વાંચવા મળે છે.

**નાટકની લઘુ આવૃત્તિઓ –** અત્યારે વર્તમાનમાં પાઠશાળાના વાર્ષિક સમારંભ વખતે કોઈ બોધક પ્રસંગનો વિવિધ વેશભૂષા સાથે યુવાનો પાઠ ભજવે છે. સંવાદો ભજવાય છે તે, તથા અંજનશલાકાના વખતે થતી પંચ કલ્યાણકોની થતી ઉજવણી તેમ જ રાજદરબાર અને લગ્નપ્રસંગના ભજવાતા પાઠો આ નાટ્યભક્તિની લઘુ આવૃતિ નહીં તો બીજું છે?

**દશ્યોની પ્રબળ અસર –** શ્રદ્ધા, ભક્તિ અને સુસંસ્કારોનાં પોષક નાટકાદિનાં કે સ્લાઈડો દ્વારા બતાવાતાં દશ્યો હ્દય તંત્રીને ઝણઝણાવી નાંખે છે. કરુણા, ત્યાગ, વૈરાગ્ય અને શાન્ત રસને ઉદ્દીપ્ત કરીને સુષુપ્ત ચેતનાને જગાડી અંતર્મુખ બનાવે છે. જે અસર હજારો શબ્દો નથી નીપજાવી શકતી – જે અસર સંખ્યાબન્ધ પુસ્તકોથી ઊભી નથી થતી, તે અસર ચિત્રો કે નાટકો તત્કાલ ચમત્કારિક રીતે કરવાની અમોઘ શક્તિ ધરાવે છે એટલું જ નહિ તે હ્દયના અન્તસ્તલ સુધી પ્રવેશીને દીર્ઘકાલ સુધી જીવંત રહે છે. આ એક ઊઘાડું વિશ્વવ્યાપી નગ્ન સત્ય છે. વસ્તુ ખરાબ નથી હોતી પણ તેનો તમો કેવી રીતે ઉપયોગ કરો છો તેના ઉપર તેની સારીનરસી અસરોનો આધાર છે. વિદ્યુતશક્તિ સર્જન કરી જાણે છે એમ એ જ શક્તિ સંહાર પણ કરી શકે છે.

**સંગીત અને અભિનયકળાનો આવિર્ભાવ –** હજારો વર્ષો પૂર્વે કેટલીયે આધ્યાત્મિક અને ભૌતિક કળાઓની જન્મભૂમિ બનવાનું અને જાતજાતની કળાનો પુષ્કળ પ્રમાણમાં વિકાસ પણ સાધવાનું સદ્ભાગ્ય આપણા આ દેશને પ્રાપ્ત થયું છે. આ કળાઓમાં સંગીત, નૃત્ય અને નાટ્યને પણ સ્થાન મળ્યું છે. સંગીતની કળાનો જન્મ તો જગજૂનો ગણાય. એનો વિશિષ્ટ આવિર્ભાવ **સામવેદ**ના રચનાસમય જેટલો તો પ્રાચીન છે જ. એવી રીતે કેટલાક અભિનયો અમુક અમુક વૈદિક અનુષ્ઠાનો સાથે સંકળાયેલા હોઈ એના શ્રીગણેશ પણ સૈકાઓ પૂર્વે મંડાયા છે. આપણા આ દેશમાં સંગીત અને અભિનયકળાની રેલમછેલ થતાં એને અંગે શાસ્રો પણ રચાયાં છે, જે કે આજે એ બધાં મળતાં નથી. પ્રસતુત વ્યાખ્યાનમાં હું મુખ્યપણે જૈન ઉલ્લેખો અને ગ્રન્થો વિષુ નિર્દેશ કરીશ અને એની શરૂઆત હું સંગીતને લક્ષીને કરું છું.

**સાત સ્વરોનાં નામ :–** (૧) ષડ્જ, ઋષભ, ગાન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત (અણુ. પ્રમાણે રૈવત) અને નિષાદ એમ સાત સ્વરો કહ્યા છે.

**સ્વરોનાં સ્થાન :–** (૨–૩) જીભના અગ્ર ભાગથી ષડ્જ, છાતીથી ઋષભ–ઉત્કટ, કંઠથી ગાન્ધાર, જીભના મધ્યભાગથી મધ્યમ, નાકથી પંચમ, દાંતો અને હોઠોથી ધૈવત (રૈવત) અને મસ્તકથી (અણુ. પ્રમાણે ભવાં ચડાવવાથી) નિષાદ ઉત્પન્ન થાય છે. આમ સાત સ્વરનાં સ્થાન કહ્યા છે.

**જીવનિશ્રિત કિંવા પશુપંખીજન્ય સ્વરો –** (૪–૫) મોરનો સ્વર ષડ્જ, કૂકડાનો ઋષભ, હંસનો ગાન્ધાર, ગાયનો તેમજ ઘેટાનો (અથવા એકલા ઘેટાનો) મધ્યમ, કુસુમના ઉત્પત્તિસમયે (અર્થાત્ વસંતઋતુમાં) કોકિલનો પંચમ, સારસ અને ક્રૌંચનો ધૈવત અને હાથીનો નિષાદ હોય છે.

**અજીવનિશ્રિત સ્વરોયાને વાદ્યજન્ય સ્વરો –** (૬–૭) મૃદંગમાંથી ષડ્જનો, ગોમુખીમાંથી ઋષભનો, શંખમાંથી ગાન્ધારનો, ઝલ્લરીમાંથી મધ્યમનો, ચાર ચરણ ઉપર રહેલી ગોધિકામાંથી પંચમનો, આડંબરમાંથી રૈવતનો અને મહાભેરીમાંથી નિષાદનો સ્વર નીકળે છે.

**સ્વરોનાં ફળ અને એ સંબંધી મતાંતર –** (૮–૧૪) ષડ્જથી (મનુષ્યને) આજીવિકા; મળે છે. એનું કરેલું નાશ પામતું નથી (અર્થાત્ એ ઊગી નીકળે છે.) એને ગાયો, મિત્રો અને પુત્રોની પ્રાપ્તિ થાય છે અને એ વનિતાઓનો વલ્લભ બને છે. ઋષભથી ઐશ્વર્ય, સેનાપતિપણું, ધન, વસ્ત્ર, સુગંધી પદાર્થ, આભૂષણ, લલનાઓ અને શયનો મળે છે. ગીતની યુક્તિના જાણકારને ગાન્ધારથી ઉત્તમ આજીવિકા અને કળામાં અધિકતા મળે છે. વળી એઓ કવિ અને કુશળ (અણુ. પ્રમાણે ભાગ્યશાળી) બને છે. તેમ જ અન્ય શાસ્ત્રમાં પારંગત થાય છે. અને દાન દે છે. પંચમ સ્વરથી રાજા થવાય છે તેમ જ શૂરવીર, સંગ્રકાર અને અનેક ગુણોના નાયક થવાય છે. રૈવતથી કલહપ્રિય (કજીયાખોર), શાકુનિક, વાગુરિક (વાઘરી) શૌકરિક અને માછીમાર બને છે. નિષાદથી ચંડાળ, મૌષ્ટિક યાને મલ્લ, સેચ, પાપાચારી, ગાયનો વધ કરનાર અને ચોર બને છે.

અણુ. પ્રમાણે તો રૈવત સ્વરવાળા મનુષ્યો દુ:ખેથી જીવે છે. એઓ ખરાબ વસ્ત્રવાળા, ખરાબ આજીવિકાવાળા, ચોર, ચંડાળ અને મલ્લ બને છે, જ્યારે નિષાદ સ્વરવાળા મનુષ્યો કજીયા કરાવનાર, જંઘાચાર (પગે ચાલનાર), લેખ (પત્ર) લઈ જનાર, ચાલનાર અને ભાર વહન કરનાર (એટલે કે મજૂર) બને છે.

ત્રણ ગામ (૧૫–૧૮) ઉપર્યુક્ત સાત સ્વરના ત્રણ ગ્રામ છે: (૧) ષડ્જ – ગ્રામ (૨) મધ્યમ – ગ્રામ અને (૩) ગાન્ધાર – ગ્રામ.

**એકવીસ મૂર્ચ્છ :** ષડ્જ – ગ્રામની સાત મૂર્ચ્છના છે: (૧) માર્ગી, (૨) કૌરવીયા, (૩) હરિત્, (૪) રજતની, (૫) સારકાન્તા, (૬) સારસી અને (૭) શુદ્ધ – ષડ્જા મધ્યમ ગ્રામની સાત મૂર્ચ્છના છે: (૧) ઉત્તરમન્દા, (૨) રજની, (૩) ઉત્તરા, (૪) ઉત્તરાસમા, (૫) અશોકાન્તા, (૬) સૌવીરા અને (૭) અભિરૂપા, ગાન્ધાર – ગ્રામની (પણ) સાત મૂર્ચ્છના છે: (૧)નન્દી, (૨) ક્ષુદ્રિમા (૩) પુરિમા (૪) શુદ્ધ – ગાન્ધાર, (૫) ઉત્તર – ગાન્ધારા, (૬) સુષ્ઠુતરાયામા (સૌથી વધારે લાંબી એવી) અને (૭) ઉત્તરાયતા (ઉત્તરાર્ધમાં લાંબી એવી) કોટિમાં

**ચાર પ્રશ્નો :** (૧૯) સાત સ્વરો ક્યાંથી થાય છે? ગીતની યોનિ (જાતિ) શી છે? કેટલા સમયના ઉચ્છ્વાસ છે? અને ગીતની કેટલી આકૃતિ છે?

**ઉત્તરો :** આ ચાર પ્રશ્નના ઉત્તર હવે અપાય છે (૨૦–૨૧) સાતે સ્વર નાભિમાંથી ઉત્પન્ન થાય છે. ગતિની યોનિ રુદન છે અર્થાત્ ગીત અને રુદનની જાતિ એક જ છે. ઉચ્છ્વાસનો સમય ચરણના સમાન છે. ગીતના ત્રણ આકારો છે: (અ) શરૂ કરતાં પ્રારંભમાં મૃદુ, (આ) વચમાં મોટાપણાને પ્રાપ્ત કરતાં અને (ઈ) અંતમાં અવાજને મંદ બનાવતો.

## એકવીસ મૂર્ચ્છના

| ઠાણ | સંગીતશાસ્ત્ર | ઠાણ | સંગીતશાસ્ત્ર |
|---|---|---|---|
| માર્ગી | ઉત્તરમન્દ્રા | આશોકાન્તા | માર્ગી |
| કૌરવીયા | રંજની | સૌવીરા | પૌરવી |
| હરિત્ | ઉત્તરાયતા | અભિરૂપા | હૃષ્યકા |
| રજતની | શુદ્ધષડ્જ | નન્દી | નન્દા |
| સાકાન્તા | મસ્તરિકૃતા | ક્ષુદ્રિમા | વિશાખા |
| સારસી | અશ્વકાન્તા | પૂરિમા | સુમુખી |
| શુદ્ધ-ષડ્જા | અભિરુદ્ગતા | શુદ્ધ-ગાન્ધારા | વિચિત્રા |
| ઉત્તરમન્દા | સૌવીરી | ઉત્તરા – ગાન્ધારા | રોહિણી |
| રજની | હરિણાશ્વા | સુષ્ઠુતરાયામા | સુખા |
| ઉત્તરા | કલોપનતા | ઉત્તરાયતા કોટિમાં | આલાપિની |
| ઉત્તસમા | શુદ્ધમધ્યા | | |

જે છ દોષ, આઠ ગુણ, ત્રણ વૃત્ત અને બે ભાષા જાણે છે તે સુશિક્ષિત (જન) રંગમંડપમાં ગાશે.

**ગીત છ દોષ :** (૨૩) (૧) ભયભીત, (૨) ઉતાવળું, (૩) ધીમેં સાદે, (૪) વધારે પડતા તાલપૂર્વક કે અસ્થાને તાલપૂર્વક, (૫) કાગડાના જેવા સ્વરે (અર્થાત્ શ્લક્ષ્ણ અને અશ્રવ્ય સ્વરે) તેમ જ (૬) નાકમાંથી ગાવું એ છ દોષ છે.

**ગીતના આઠ ગુણ :** (૨૪) ગીતના આઠ ગુણ છે: (૧) (સ્વરની કળાઓ વડે) પૂર્ણ, (૨) (ગેય રાગ વડે એમાં અનુરક્ત વ્યક્તિનું) રક્ત, (૩) (અન્યાન્ય સ્વરો સ્પષ્ટ અને શુભ હોવાથી) અલંકૃત, (૪) (અક્ષરના સ્વર સ્પષ્ટ હોવાથી) વ્યક્ત, (૫) વિક્રોશનની એટલે કે ચીસની જેમ વિસ્વર એટલે કે બેસૂરું નહિ હોવાથી) અવિઘૃષ્ટ, (૬) (કોકિલના સ્વરની જેમ) મધુર, (૭) (તાલ અને વાંસળીના સ્વર વગેરેને અનુરૂપ તે) સમ અને (૮) સ્વરની ધોલના વડે લલતું હોવાથી અથવા (શબ્દનો સ્પર્શ થતાં કર્ણને સુખ ઉત્પન્ન કરનારું હોવાથી) સુકુમાર યાને લલિત.

**ગીતના અવાન્તર ગુણો :** (૨૫) ગીતના અન્ય પણ ગુણો છે. જેમ કે (૧) ઉર (છાતી), કંઠ અને મસ્તકને વિષે પ્રશસ્ત (યાને વિશુદ્ધ), (૨) મૃદુ (અર્થાત્ માર્દવથી યુક્ત, નહિ કે નિષ્ઠુર, મધુર સ્વરવાળું), (૩) રિભિત, (૪) (ગેય) પદોમાં ગુંથાયેલું, (૫) સરખા તાલ અને પ્રત્યુક્ષેપવાળું અને (૬) સાત સ્વરો, અક્ષર વગેરે સાથે સરખા હોય તેવું.

**સૂત્રના આઠ ગુણો :** (૨૬) વિશેષમાં ગીતમાં સૂત્ર આઠ ગુણવાળું હોવું જોઈએ: (૧) નિર્દોષ (અર્થાત્ અસત્ય, ઉપઘાતજનક ઈત્યાદિ સૂત્રના બત્રીસ દોષથી મુક્ત) (૨) સારવાળું (એટલે કે અર્થથી યુક્ત), (૩) હેતુથી યુક્ત (અર્થાત્ અર્થ જણાવનાર કારણથી યુક્ત), (૪) (કાવ્યને લગતા) અલંકારોથી યુક્ત, (૫) ઉપસંહારથી યુક્ત, (૬) સોપચાર (અર્થાત્ અનિષ્ઠુર, અવિરુદ્ધ અને અલજ્જનીય અભિધાનવાળું) અથવા ઉત્પાસથી યુક્ત, (૭) મિત (અર્થાત્ પદ, પાદ અને અક્ષરો વડે પરિમિતિ) અને (૮) (શબ્દ અર્થ અને અભિધાન એ ત્રણેથી) મધુર.

**વૃત્તના ત્રણ પ્રકાર :** (૨૭) વૃતના ત્રણ જ પ્રકારો છે: (૧) સમ, (૨) અર્ધસમ અને (૩) વિષમ. ચોથો પ્રકાર મળો નથી.

**ભાષાના બે પ્રકાર :** (૨૮) સંસ્કૃત અને પ્રાકૃત એમ ભાષા બે પ્રકારની કહી છે. સ્વરમંડળમાં 'ઋષિભાષિતા' ભાષા પ્રશસ્ત હોઈ ગવાય છે.

**છ પ્રશ્નો :** (૨૯) કઈ (સ્ત્રી) મધુર (સ્વરે) ગાય છે? કઈ ખર અને રૂક્ષ ગાય છે? કોણ ચતુર (સ્વરે), કોણ વિલંબે, કોણ જલદી અને કોણ વિસ્વર (બેસૂરું) ગાય છે?

**તંત્રી વગેરે સાથે સ્વરની સમાનતા :** (૩૧) સાત સ્વરો (અ) તંત્રી– સમ (અર્થાત્ વીણા સાથે મળી જાય તેવા), (આ) તાલને અનુરૂપ, (ઈ) ગ્રહને અનુસરતા, (ઉ) નિશ્વાસ અને ઉચ્છ્વાસને અનુરૂપ તેમજ (ઊ) સંચારને અનુકૂળ હોય છે.

**તાન :** (૩૨) સ્વર સાત, ગ્રામ ત્રણ મૂર્ચ્છના એકવીસ અને તાન ઓગણપચાસ છે. આમ સ્વમંડળ પૂર્ણ થયું.

નાક, કંઠ, છાતી, તાળવું, જીભ અને દાંત એ છને આશ્રીને ઉત્પન્ન થતો હોવાથી 'ષડ્જ' કહેવાય છે. નાભિમાંથી ઉત્પન્ન થયેલો વાયું કંઠ અને મસ્તક સાથે અથડાઈ બળદ જેવો અવાજ કરે છે માટે એ 'ઋષભ' કહેવાય છે. જેમાં ગન્ધ હોય તે 'ગન્ધાર' કહેવાય છે. ગન્ધાર તે જ 'ગાન્ધાર' છે. નાભિમાંથી ઉત્પન્ન થયેલો અને કંઠ તેમજ મસ્તક સાથે અથડાયેલો વાયુ વિવિધ ગન્ધનું વહન કરે છે અને પવિત્ર છે વાસ્તે અને 'ગાન્ધાર' કહે છે. શરીરના મધ્યમાંથી ઉદ્ભવતો હોવાથી 'મધ્યમ' છે. નાભિમાંથી ઉત્પન્ન થઈ તથા છાતી અને હૃદય સાથે અથડાઈ નાભિને પામેલો મહાનાદ મધ્યમતાને વરે છે. ષડ્જ વગેરે પાંચ સ્વરોના નિર્દેશના ક્રમને પૂરનારો (પાંચમો) હોવાથી 'પંચમ' કહેવાય છે અથાવ નાભિ વગેરે પાંચ સ્થાનોમાં સમાતો હોવાથી 'પંચમ' કહેવાય છે. કહ્યું છે કે નાભિમાંથી ઉત્પન્ન થયેલો તેમ જ છાતી, હૃદય, કંઠ અને મસ્તક સાથે અથડાયેલો વાયુ પાંચ સ્થાનોમાંથી ઊઠેલો હોઈ 'પંચમ' કહેવાય છે. પહેલા ઊઠેલા સ્વરોનું અનુસંધાન કરતો હોવાથી 'ધૈવત' કહેવાય છે. જેમાં સ્વરો બેસી જાય છે – જે સર્વ સ્વરોનો પરાભવ કરે છે તે 'નિષાદ' છે અને એનો દેવતા આદિત્ય છે.

**સ્વરોની સદૃશતા :** ષડ્જ વગેરે સ્વરો નાક, કંઠ ઈત્યાદિમાંથી ઉત્પન્ન થાય છે. એવા ષડ્જ વગેરેના વ્યુત્પત્ત્યર્થ મૃદંગ વગેરેમાં ઘટતાં નથી તેમ છતાં સદૃશતાને લઈને અર્થાત્ મુદંગાદિમાંથી પણ એવા જ સ્વર નીકળતા હોવાથી એ સમજી લેવા. (અહે).

**સ્થાનનું લક્ષણ :** નાભિમાંથી ઉત્પન્ન થયેલો સ્વર પરિવર્તિત થયા વિના જે પ્રદેશને આભોગથી (ઈરાદાપૂર્વક) કે અનાભોગે (અનાયાસે) પ્રાપ્ત થઈ વિશેષતાને પામે છે તે પ્રદેશ તે સ્વરનો ઉપકારક હોવાથી તે પ્રદેશતે તે સ્વરનું 'સ્થાન' કહે છે. ષડ્જ સ્વર ઉચ્ચારતી વેળા કંઠ વગેરે અન્ય સ્થાનોનો પણ ઉપયોગ કરાય છે અને જીભનો આગલો ભાગ ષડ્જ માટે ખૂબ કામમાં લેવાતો હોવાથી એ જીહ્વામને (જ) ષડ્જનું સ્થાન કહ્યું છે.

**ગ્રામનું લક્ષણ :** મૂર્ચ્છનાના સ્વરોનો સમૂહ તે 'ગ્રામ' છે.

**મૂર્ચ્છનાનું લક્ષણ :** અન્યોન્ય સ્વરોને ઉત્પન્ન કરનારને 'મૂર્ચ્છના' કહે છે. કર્તા મૂર્છિત હોય તેમ એ મૂર્ચ્છના કરે છે. અથવા જાણે મૂર્ચ્છા પામતો હોય તેવો એ કર્તા થાય છે.

**તાનનું લક્ષણ :** તંત્રીનો તાન યાને વિસ્તાર તે 'તાન' કહેવાય છે. વિસ્તારેલી તંત્રી તે 'તાન' કહેવાય છે.

આઠ ગુણોથી રહિત ગીત તે 'વિડંબના' છે.

**૪૯ વાતની ઉત્પત્તિ :** ૪૯ તાન સાત તાંતવાળી વીણામાં સંભવે છે. ષડ્જ સ્વર સાત પ્રકારે તંત્રીના સ્વર પ્રમાણે ગવાય છે. એમ ષડ્જના સાત તાન છે. એમ બાકીના સ્વરો માટે સમજવું એમ તંતિવાળી વીણા વગાડાતાં કે કંઠ વડે ગવાતાં ૪૯ તાન થાય છે. ત્રણ તતિવાળી વીણા હોય તો પણ ૪૯ તાન થાય છે. એટલી વિશેષ હકીકત ઠાઅ અને અહેમાં છે.

**દીર્ઘ સ્વરમાં** (જે ગીતનો સ્વર) દીર્ઘ, હ્રસ્વમાં હ્રસ્વ અને પ્લુતમાં પ્લુત તેમ જ સાનુનાસિકામાં સાનુનાસિક હોય તો તે ગીત 'અક્ષરસમ' છે.

જે નામિકાદિ ગેય પદ અનંતર (જોડેના) પદથી બદ્ધ હોય અને જેમાં સ્વર અનુવાદી હોય અને ત્યાં જ તે (સ્વર) ગવાતો હોય તો તે ગીત 'પદસમ' છે.

હથેળીઓના પરસ્પર અથડાવાથી ઉત્પન્ન થતા સ્વરને અનુસરનારા સ્વર વડે ગવાતું ગીત તે 'તાલસમ' છે.

દાંત વગેરેની બનેલી આંગળીની ખોલી (કોશક) વગેરેથી વગાડાતાં ત્રણ સ્વરવાળા લયને અનુસરતું ગીત તે 'લયસમ' છે.

વાંસળી, વીણા વગેરે વાદ્યમાં પ્રથમથી જે સ્વર ગ્રહણ કરાયો હોય તેને અનુરૂપ ગીત તે 'ગ્રહસમ' છે.

વાંસળી, વીણા વગેરેથી આંગળીના સંચારપૂર્વક જે ગીત ગવાય છે તે 'સંચારસમ' છે.

નિઃશ્વાસ અને ઉચ્છ્વાસના માપનું ઉલ્લંઘન કર્યા વિનાનું ગીત તે 'નિઃશ્વાસિતોચ્છ્વસિતસમ' છે.

અહેમાં કહ્યું છે કે ગીતનો કોઈપણ એક સ્વર અક્ષર, પદ વગેરે સાત સ્થાનો સાથે સમત્વ પામતાં એનૌ સાત રીતે અનુભવ થાય છે. આમ સાત સ્વરો અક્ષરાદિની સાથે સમ દર્શાવ્યા છે.

ચારે ચરણમાં સરખા ગુરુ અને લઘુ અક્ષરો હોય (અર્થાત્ અક્ષરની સંખ્યા સરખી હોય) તે 'સમવૃત્ત' છે. કે ચરણ પૂરતી સમાનતા હોય તો તે 'અર્ધ-સમવૃત્ત' છે; અને ચારે ચરણ (અક્ષરની સંખ્યાની દૃષ્ટિએ) ભિન્ન ભિન્ન પ્રકારના હોય તો તે 'વિષમવૃત્ત' છે.

**ગેય (ગીત)ના આઠ પ્રકાર છે:** (૧) ગદ્ય, (૨) પદ્ય, (૩) કથ્ય, (૪) પદબદ્ધ, (૫) પાદબદ્ધ, (૬) ઉત્ક્ષિપ્ક, (૭) પ્રવૃત્તક, (૮) મંદક. જેમાં સ્વરના સંચાર વડે ગદ્ય ગવાય છે તે 'ગદ્ય' છે; જેમાં વૃત્તાદિ ગવાય છે તે 'પદ્ય' છે; અને જેમાં કથિકાદિ (એટલે કે કથા વગેરે) ગવાય છે તે 'કથા' છે. જે એકાક્ષર વગેરેરૂપે (જેમકે તે, તે) તે 'પદબદ્ધ' છે. વૃત્તાદિના ચોથા ભાગરૂપ ચરણમાં જે ગુંથાયેલું હોય તે પાદબદ્ધ છે. 'ઉત્ક્ષિપ્તક' એટલે પ્રથમ સમારંભ પછીનું આક્ષેપપૂર્વકનું અને 'મંદક' એટલે મધ્ય ભાગમાં મૂર્ચ્છનાદિ ગુણોથી યુક્ત અને મંદ મંદ સંચરતું.

**શુદ્ધગાન માટેની આવશ્યક પરિસ્થિતિ :** ગાનારી વ્યક્તિનું ગળું રોગ રહિત હોય અથવા સર્વાંશે એ નીરોગી હોય, એ આનંદી અને જુવાન હોય, એ તલ, તેલ, અડદ, ગોળ વગેરે આહાર કરતી નહિ હોય, એ સાકર અને મધથી યુક્ત દૂધ અને જળનું પાન કરતી હોય, એ અતિશય ગરમ કે ઠંડું ભોજન ન કરતી હોય અને એ તાંબૂલ વડે શુદ્ધ વદનવાળી હોય તો તે શુદ્ધ ગાન કરી શકનારી વ્યક્તિની નાભિમાંથી ઊઠેલા અને એવીના પ્રયત્નથી પ્રેરાયેલા એવા વાયુને ગીતકળાના જાણકારો 'પ્રાણ' કહે છે.

**નાદની ઉત્પત્તિ :** એ 'પ્રાણ' વાયુ મસ્તકમાંથી ઊભો થઈ, મુખમાં ભમી તેમ જ જીભ, દાંત, ઓઠ અને તાળવાને વિષે પરાવર્તન પામી (અથડાઈ) વર્ણોને અને નાદને ઉત્પન્ન કરે છે.

**નાદના પ્રકાર :** એ નાદ (સ્થાનાદિને લઈને) મન્દ્ર, મધ્ય અને તર કહેવાય છે. એ નાદ સ્વરના સાત પ્રકારના ભેળવાળો થાય છે.

વળી એ સ્વરોના સામાન્ય અને વિશેષ એવા બે ભેદ છે. વિશેષમાં ત્રણ ગ્રામ છે. એ સ્વર અને ગ્રામોને વિષે ૨૧ મૂર્છના છે.

**ગીતના પ્રકારો :** એ સ્વરોને વિષે ૪૨ રાગ ઉત્પન્ન થાય છે. એ રાગોમાં ગીત બે પ્રકારે ઉદ્ભવે છે. (૧) આગમિક અને દેશજ (દેશ્ય) આગમિક ગીત સાત સીગડા, સાત ભાણિકા અને ભાણકે ભાણકે દુવિલિય એમ વિવિધ પ્રકારનું છે જ્યારે દેશ્ય ગીત એલામટ્ઠિય, દુવઈ (? દ્વિપદી) એમ અનેક જાતનું છે.

**૪૨ રાગના નામ :** ૫૦ અથવા ૪૨ રાગ લોકોમાં પ્રસિદ્ધ છે કે જેમાં શ્રી, વસન્ત, પંચમ, ભૈરવ, મેઘ અને નટનારાયણ એમ છ રાગ છે. શ્રીમાંથી ગૌરી, કોલાહલા, ધારી, દ્રવિડી, માલકૈશિકી, અને દેવગાન્ધારી એમ છ રાગિણી નીકળેલી છે. એવી રીતે વસન્તમાંથી હિંડોલા, કૌશિકી, રામગ્રી, દ્રુમમંજરી, ગુંડકૃતિ અને દેશખી; પંચમમાંથી ભૈરવી, ગુર્જરી, ભાષા, વેલાકૂલા, કર્ણાટી અને રક્તહંસા; ભૈરવમાંથી ત્રિગુણા, સ્તંભતીર્થા, આભીરી, કકુભા, વિખરીડી (વૈરાડી) અને વસંબેરી (?) મેઘમાંથી બંગાલા, મધુરી, કોમોદા, દોષશાટિકા, દેવગ્રી, અને દેવાલા; અને નટનારાયણમાંથી તોડી, મોટકારી, શ્રીભૂપાલપ્રિયા, નટ્ટા, ધનાશ્રી અને મલ્લી, (? માલવી) નીકળેલી છે.

શ્રીમાં માલવ, વસન્તમાં બાણ, પંચમમાં પૂર્વક, ભૈરવમાં કેદારક, મેઘમાં સાલિ અને નટનારાયણમાં કલ્યાણ ગુરુ (મોટો) છે. આમ છ ગુરુ મળી ૪૨ થાય છે.

**નૃત્યના પાંચ પર્યાયો :** અભિ. માં નૃત્ય માટે નીચે મુજબના પાંચ પર્યાયો અપાયા છે.

તાંડવ, નટન, નાટ્ય, નૃત્ત અને લાસ્ય.

આ સંબંધમાં એની સ્વોપજ્ઞ વિવૃત્તિમાં કહ્યું છે કે નટોનું નૃત્ય તે 'નાટ્ય' છે. તાંડવનો ઉદ્ભવ તંડુથી થયો હોવાથી એને 'તાંડવ' કહે છે. વિશેષમાં અહીં એવો ઉલ્લેખ છે કે ભરતે તાંડવ, નાટ્ય, નૃત્ય અને લાસ્યમાં જે નીચે મુજબ વિશેષતાઓ દર્શાવી છે તે અહીં જતી કરાઈ છે.

**નૃત્ત, લાસ્ય ઈત્યાદિ તફાવત –** વિવાહ, અભ્યુદય વગેરેના પ્રસંગે જે અંગના વિક્ષેપ પૂરતું જ નૃત્ય કરાય તે 'નૃત્ત' છે. લલિત કરણ, અંગહાર અને અભિનયથી યુક્ત, કૌશિકી વૃત્તિની મુખ્યતાવાળું ડાં (?ડો)બિલિકા વગેરેથી નિબદ્ધ અને વાસકસજ્જા વગેરે નાયિકાએ કરેલું નૃત્ય શ્લિષ્ટત્વને લઈને 'લાસ્ય' કહેવાય છે. સર્વે રસવાળું, પાંચ સંધિ અને ચાર વૃત્તિથી યુક્ત અને દસ રૂપકરૂપ આશ્રયવાળું એવું નટનું કાર્ય તે 'નૃત્ત' છે. ઉદ્વૃત કરણ અને અંગહારનું બનેલું, 'આરભટિ' વૃત્તિની પ્રધાનતાવાળું તેમ જ ગીત તથા કાસારિત ઈત્યાદિને વિષે તંડુએ રચેલું નૃત્ય તે 'તાંડવ' છે.

**નાટ્યના ચાર પ્રકારો –** ઠાણમાં નટ્ટ (નાટ્ય)ના ચાર પ્રકાર તરીકે અંચિય (અંચિત), રિભિય (રિભિત), આરભડ (આરભટ) અને ભિસોલ (?ભસોલ)નો ઉલ્લેખ કરાયો છે. આની વૃત્તિ (પત્ર ૨૮૬માં અભયદેવસૂરિએ કહ્યું છે કે સંપ્રદાયના અભાવને લઈને ૩૭૪મા સૂત્રગત નાટ્ય, ગેય અને અભિનયનું વિવરણ હું કરતો નથી.

**બત્રીસ પ્રકારના નાટકો માટેની તૈયારી :** રાય. માં બત્રીસ પ્રકારની નાટ્યવિધિ એવો બાંધેભારે ઉલ્લેખ છે, જ્યારે એનું વિસ્તૃત વર્ણન આ આગમ (સુત ૨૩–૨૪માં અપાયું છે એનો સાર હું અહીં આપું છું.)

મહાવીરસ્વામીને વંદના કરી સૂર્યાભ દેવે ઈશાન ખૂણામાં જઈ 'વૈક્રિય' સમુદ્‌ઘાત કર્યો. એણે સંખ્યેય યોજનાનો દંડ બહાર કાઢ્યો અને યથાયોગ્ય પુદ્‌ગલ એકત્ર કર્યા. પછી એણે બીજી વાર 'વૈક્રિય' સમુદ્‌ઘાત કરી સર્વ બાજુથી એકસરખો ભૂમિભાગ સર્જ્યો અને એમાં વચ્ચોવચ્ચ પ્રેક્ષાગૃહ–મંડપ રચ્યો (અર્થાત્ નાટકશાળા ખડી કરી). ત્યાગ પછી ચંદરવા, અખાડા અને મણિપીઠિકાની તેમ જ એ મણિપીઠિકા ઉપર સિંહાસનથી માંડીને મુક્તાદામ સુધીની રચના કરી, ત્યાગ બાદ મહાવીરસ્વામીના દેખતાં તેમને વંદન કરી ભગવાન! મને અનુજ્ઞા આપો એમ કહી (પોતે રચેલી નાટકશાળામાં) એ તીર્થંકરની સામે ઉત્તમ સિંહાસન ઉપર બેઠો અને તરત જ પોતાનાં આભૂષણોથી વિભૂષિત, પુષ્ટ અને લાંબો એવો જમણો હાથ એણે પસાર્યો.

**૧૦૮ દેવકુમારોનું વર્ણન :** એના બે જમણા હાથમાંથી સરખાં આકાર, વર્ણન, વય, લાવણ્ય, રૂપ અને યૌવનવાળા, ગુણશાળી, સમાન આભૂષણ અને વસ્ત્ર તેમજ નાટકને યોગ્ય ઉપકરણોથી સજ્જ, ખભાની (?) બંને બાજુમાં ઉત્તરીય વસ્ત્રથી યુક્ત, વિચિત્ર વર્ણવાળા પટ્ટરૂપ પરિકરથી વિભૂષિત, સફેનકાવર્તમાં સંગત થા એવા છેડાવાળા તેમજ રંગબેરંગી અને દેદીપ્યમાન એવા નાટકીય પરિધાન પહેરલા, કંઠમાં પહેરેલી એકાવલીથી શોભતા વક્ષઃસ્થળવાળા, પૂરેપૂરા આભૂષણોથી અલંકૃત અને નૃત્ય માટે તૈયાર એવા ૧૦૮ દેવકુમારો નીકળ્યા.

**૧૦૮ દેવકુમારીનું વર્ણન :** ત્યારબાદ સૂર્યાભદેવે જમણા હાથની જેમ આભૂષણોથી અલંકૃત તેમ જ પુષ્ટ અને લાંબો ડાબો હાથ પસાર્યો. તેમ થતાં ઉપર મુજબ સરખા આકારથી માંડીને ઉત્તરીયથી યુક્ત, તિલક, મુગટ અને ગ્રૈવયકથી અલંકૃત, કંચુકવાળી, વિવિધ આભૂષણોથી સુશોભિત અંગપ્રત્યંગવાળી, ચન્દ્રના જેવા વદનવાળી, અર્ધચન્દ્રના જેવા લલાટવાળી, ઉલ્કા જેવા ઉદ્‌ધોતવાળી, સુંદર આકાર, શૃંગાર અને વેષવાળી, હસવે અને બોલવે કુશળ, સમુચિત આચરણવાળી યોગ્ય વિલાસવાળી તેમજ નૃત્ય માટે તૈયાર એવી ૧૦૮ દેવકુમારીઓ નીકળી.

**વાદ્યાદિનું સર્જન :** ત્યાર પછી સૂર્યાભદેવે શંખ, શૃંગ ઈત્યાદિ ૪૯ જાતનાં એક સો ને આઠ (૧૦૮) વાદ્યો સજ્ર્યા અંતે સાથે સાથે એ પ્રત્યેક જાતના વાદ્યને માટે એક સો નુ આઠ આઠ વગાડનાર સર્જ્યા.

પછી એ દેવે પોતાના બે હાથમાંથી અનુક્રમે અર્જેલા દેવકુમારો અને દેવકુમારીઓને બોલાવી કહ્યું કે તમે મહાવીરસ્વામી પાસે જઈ તેમને વંદનાદિ કરી ગૌતમસ્વામી વગેરે શ્રમણ નિર્ગ્રન્થોને દિવ્ય દેવાનુભાવવાળી બત્રીસ પ્રકારની નાટ્ય–વિધિ બતાવો. એ આદેશ પ્રમાણે તેમણે કર્યું. ગૌતમસ્વામી વગેરે શ્રમણો તરફ તેઓ એકસામટાં ગયાં, સાથે જ નીચાં નમ્યાં અને પાછા સાથે જ ઊભા–ટટાર થયાં એ જ પ્રમાણે એક સાથે સમુચિત રીતે નીચા નમી ઊભાં થઈ, નાચગાનનાં ઉપકરણો હાથે અને પગે બરાબર ગોઠવી એમણે એકસાથે જ પોતપોતાનાં વાદન, નૃત્ય અને ગાયનની શરૂઆત કરી.

'એમનું સંગીત ઉરથી... યોગ્ય હતું' એ સમયે શંખ વગેરે વગાડતાં એ ગાન, વાદન અને નૃત્ય દિવ્ય, અદ્‌ભૂત, શૃંગાર રસથી તરબોળ, ઉદાર, મનોજ્ઞ અને મનોહર બન્યાં હતાં. સંગીત સાંભળનારના અને નૃત્ય જોનારાના મુખમાંથી ઉછળતા વાહવાહના પ્રવર્તતી રહી હતી.

**બત્રીસ પ્રકારનાં નાટકના અભિનયો :** પછી (૧) એ રમતમાં મસ્ત બનેલાં અનેક દેવકુમારોએ અને દેવકુમારીઓએ મહાવીરસ્વામીની સામે સ્વસ્તિક, શ્રીવત્સ, નન્દ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય અને દર્પણ અને આઠના અભિનય કરી મંગળરૂપ પ્રથમ નાટક ભજવી બતાવ્યું. આ સંબંધમાં મલયવિગિસૂરિએ

રાય. ની વૃત્તિ (પત્ર પરઆ)માં કહ્યું છે કે આ તેમ જ અન્ય નાટકોનો વ્યુત્પત્તિ પૂરતો અર્થ હું જણાવું છું કેમકે એનું યથાર્થ નિરૂપણ તો શક્ય નથી. એ તો પૂર્વમાંના નાટ્યવિધિ પ્રાભૃતમાં હતું અને એ નાશ પામ્યું છે. દેવકુમારીઓએ સ્વસ્તિકના આકારમાં ગોઠવાઈ જઈ નૃત્ય કર્યું હશે એમ લાગે છે. એ પ્રમાણે શ્રીવત્સ વગેરે માટે સમજી લેવું.

(૨) પહેલાંની જેમ 'એકસામટા'થી માંડીને 'રમતમાં મસ્ત' થયાં ત્યાં સુધીની ક્રિયા કરી એ દેવકુમારોએ અને દેવકુમારીઓએ મહાવીરસ્વામીની સામે આવર્ત, પ્રત્યાવર્ત, શ્રેણિ, પ્રશ્રેણિ, સ્વસ્તિક, સૌવસ્તિક, પુષ્ય, માણવક, વર્ધમાનક, મત્સ્યાંડક, જાર, માર, પુષ્પાવલિ, પદ્મપત્ર, સાગર-તરંગ, વસન્ત, (વાસન્તી) લતા અને પદ્મલતાના અભિનય કરી બીજું નાટક પૂર્ણ કર્યું.

(૩) પછી પાછી પહેલાંની જેમ એકત્ર મળવા વગેરે ક્રિયા કરી એમણે મહાવીરસ્વામીની સામે ઈહામૃગ (વરુ), બળદ, અશ્વ, માનવ, મગર, પક્ષી, વ્યાલ કિન્નર, રુરુ, શરભ, ચરમ, કુંજર (હાથી) વનલતા અને પદ્મલતાના અભિનયપૂર્વક ત્રીજું નાટક કર્યું.

(૪) ચોથા નાટક તરીકે એક બાજુથી વક્ર, બે બાજુથી વક્ર, એક તરફથી ખહ (?) બે તરફથી ખહ (?) એક તરફથી ચક્રવાલ, બે તરફથી ચક્રવાલ અને ચક્રાર્ધ - ચક્રવાલના અભિનયો કરાયા.

(૫) પાંચમા નાટકમાં ચન્દ્રાવલિ, સૂર્યાવલિ, વલયાવલિ, હંસાવલિ, એકાવલિ, તારાવલિ, કનકાવલિ અને અત્નાવલિ (એમ નવ જાતની આવલિકા)ના, (૬) છઠ્ઠા નાટકમાં ચન્દ્રોદ્ગમ અને સૂર્યોદ્ગમના, (૭) સાતમાં ચન્દ્રાગમન અને સૂર્યાગમનના, (૮) આઠમા ચન્દ્રાવરણ અને સૂર્યાવરણ, (૯) નવમાં ચન્દ્રાસ્ત અને સૂર્યાસ્તના, (૧૦) દસમામાં ચન્દ્રમંડળ અને સૂર્યમંડળ, (૧૧) અગિયારમાં ઋષભમંડળ સિહમંડળ, હયવિલંબિત, ગજવિલંબિત, હયવિલસિત, ગજવિલસિત, મત્તહયવિલસિત, મત્તગજવિલસિત, મત્તહયવિલંબિત, મત્તગજવિલંબિત અને દ્રુતવિલંબિતના, (૧૨) બારમામાં સાગર અને નાગરના, (૧૩) તેરમામાં નન્દા અને ચંપાના, (૧૪) ચૌદમામાં મત્સ્યાંડક, મકરાંડક, જાર અને મારના, (૧૫) પંદરમામાં ક, ખ, ગ, ઘ અને ડ ના (ધાટના), (૧૬) સોળમામાં ચ, છ, જ,ઝ, અને ગના (૧૭) સતરમામાં ટ, ઠ, ડ, ઢ અને ણ ના, (૧૮) અઠારમામાં તપ થપ દપ ધ અને ન ના, (૧૯) ઓગણીસમામાંપ, ફ, બ, ભ અને મ ના, (૨૦) વીસમામાં અશોક-પલ્લવ, આમ્ર-પલ્લવ, જંબુ - પલ્લવ અને કોશંબ - પલ્લવના, (૨૧) એકવીસમામાં પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, આમ્રલતા, વનલતા, વાસન્તીલતા, કુન્દલતા, અતિમુક્તલતા અને શ્યામલતાના, (૨૨-૩૦) પછી બાવીસ થી ત્રીસ સુધીનાંમાં અનુક્રમે દ્રુત, વિલંબિત, અચિત, રિભિત, અંચિત-રિભિત, આરભટ, ભસોલ અને આરભટ-ભસોલના અને (૩૧) એકત્રીસમામાં ઉત્પાત, નિપાત, સંકુચિત, પ્રસારિત, રયારઈય (?) ભ્રાંત અને સંભ્રાંતની ક્રિયાઓને અંગેના અભિનયો કરાયા.

**મહાવીરસ્વામીની જીવનરેખા :** (૩૨) બત્રીસમાં નાટકમાં મહાવીરસ્વામીના પૂર્વભવોનું ચરિત્ર, એમનાં ચરમચ્યવન, (ગર્ભનું) સંહરણ, જન્મ, અભિષેક, બાલ્યાવસ્થા, યૌવન, કામભોગ, નિષ્ક્રમણ, તપશ્ચર્યા, (કેવળ)જ્ઞાનની ઉત્પત્ત્, (ધર્મ)તીર્થનું પ્રવર્તન અને પરિનિર્વાણ (મોક્ષ) એ ઘટનાઓને લગતા અભિનયો કરાયા.

**વાદ્ય, ગીત, નૃત્ય અને અભિનયના ચચ્ચાર પ્રકાર :** આ બત્રીસ નાટકોમાં તત ઈત્યાદિ ચાર પ્રકારનાં વાદ્યો વગાડાયાં હતાં. ઉત્ક્ષિપ્ત ઈત્યાદિ ચાર પ્રકારનું ગીત ગવાયું હતું. આ ઉપરાંત અંચિત, રિભિત, આરભટ અને ભસોલ એમ ચાર જાતનું નૃત્ય કરાયું હતું. વળી દાર્ષ્ટાન્તિક, પ્રાત્યન્તિક, સામાન્યતોપનિપાતનિક અને લોકમધ્યાવસનિક એમ ચાર પ્રકારના અભિનયો કરાયા હતા.

ઉપર્યુક્ત બત્રીસ નાટકો શ્રમણ નિર્ગ્રન્થોને બતાવી મહાવીરસ્વામીને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરીએ દેવકુમારો અને દેવકુમારીઓ પોતાનાં અધિપતિ સૂર્યાભદેવ પાસે ગયાં અને એને વિજયથી વધાવી નાટકો દેખાડી આવ્યાનું કહ્યું. ત્યારબાદ એ સૂર્યાભદેવે પોતાની એ દિવ્ય માયા સંકેલી લીધી અને એક ક્ષણમાં એ હતો તેવો થઈ ગયો અને મહાવીરસ્વામીને વંદન કરી પરિવાર સહિત પોતાને સ્થાને ગયો.

**સરપાહુડનો ઉચ્છેદ :** મહાવીરસ્વામીના સમયમાં સંગીતશાસ્ત્રને અંગે સરપાહુડ જેવી જે પાઇય કે સંસ્કૃતમાં કૃતિઓ રચાઈ હશે તે પણ ઉપલબ્ધ નથી. આજે તો આ વિષયની જૈન કૃતિઓ ગણીગાંઠી મળે છે. જેમ કે **સંગીતસમયસાર, સંગીતોપનિષત્સારોદ્ધાર અને સંગીતમંડન.**

jainuniversity.org

jainuniversity.org